## માર્કેટ મૂડ

અનિલ પટેલ



સોમવારે નાતાલ નિમિત્તે રજા છે. એટલે બજાર ત્રણ દિવસના મિની વેકેશનમાં જવાનું છે. એશિયા, યુરોપનાં શૅરબજારો તો ક્રિસમસની લાંબી રજામાં જવાનાં છે. સેન્સેક્સ શુક્રવારે આગલા બંધથી ૧૮૦ પૉઇન્ટ ઉપર ૭૧,૦૪૫ ખૂલી છેવટે ૨૪૨ પૉઇન્ટની આગેકૂચમાં ૭૧,૧૦૭ તથા નિફ્ટી ૯૪ પૉઇન્ટ વધીને ૨૧,૩૪૯ બંધ રહ્યો છે. પૉઝિટિવ ઝોનમાં ખૂલ્યા પછી બજાર બેતરફી વધઘટમાં નીચામાં ૭૦,૭૧૩ અને ઉપરમાં ૭૧,૨૫૯ થયું હતું. બૅન્કિંગ તેમ,જ ફાઇનૅન્સના અડધા-પોણા ટકાના ઘટાડાને બાદ કરતાં તમામ સેક્ટોરલ વધીને બંધ થયાં છે. આઇટી ઇન્ડેક્સ ૧.૯ ટકા કે ૬૭૮ પૉઇન્ટ ઊંચકાયો હતો. રિયલ્ટી ઇન્ડેક્સ અઢી ટકા, ટેક્નૉલૉજી બેન્ચમાર્ક પોણા બે ટકા, મેટલ ઇન્ડેક્સ બે ટકા નજીક, ઑટો ઇન્ડેક્સ ૧.૪ ટકા મજબૂત હતા. કૅપિટલ ગુડ્સ, ઑઇલ ગૅસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકૅર, એનર્જી જેવાં સેક્ટોરલ એક-સવા ટકો પ્લસ હતાં. રોકડું અને બ્રૉડર માર્કેટ પણ બ્રૉડબેઝ્ડ સાથે અડધાથી એક ટકો વધ્યું છે. બજારમાં સુધારાનો વ્યાપ વિસ્તૃત હોવાથી માર્કેટ બ્રેડ્થ ખાસ્સી સ્ટ્રૉન્ગ હતી. એનએસઈમાં ૧૪૪૫ શૅર વધ્યા હતા સામે ૬૬૦ જાતો નરમ હતી. વીકલી ધોરણે સેન્સેક્સ, નિફ્ટી અડધા ટકાની આસપાસ ઘટ્યાં છે. એના પગલે બજારની સાત સપ્તાહની આગેકૂચને આ વેળા બ્રેક લાગી છે. એશિયા ખાતે હૉન્ગકૉન્ગ પોણાબે ટકા બગડ્યું હતું. સાઉથ કોરિયા તથા ચાઇના નજીવા નરમ હતા. સામે સિંગાપોર પોણા ટકાથી વધુ અને અન્ય એશિયન બજાર સામાન્ય સુધર્યાં હતાં. યુરોપ રનિંગમાં ફ્લૅટ રહ્યાં છે. તાજેતરમાં લિસ્ટેડ જાતોમાં આઇનૉક્સ ઇન્ડિયા ત્રણ ટકા ગગડીને ૯૧૦, ડોમ્સ ઇન્ડસ્ટ્રીઝ સાડાત્રણ ટકા ખરડાઈ ૧૩૦૫ તો ઇન્ડિયા શેલ્ટર પોણાત્રણ ટકાની ખરાબીમાં ૫૫૦ બંધ થયો છે. મંગળવારે મોતીસન્સ, મુથૂટ માઇક્રોફિન, સૂરજ એસ્ટેટ તથા સહારા મેરી ટાઇમનું લિસ્ટિંગ થવાનું છે. મુથૂટમાં ૩૦ રૂપિયા, મોતીસન્સમાં ૮૦ રૂપિયા તથા સૂરજ એસ્ટેટમાં ૨૫ રૂપિયાનું પ્રીમિયમ ગ્રે માર્કેટમાં ચાલે છે. બજારનું માર્કેટકૅપ ગઈ કાલે ૨.૫૯ લાખ કરોડ જેવું વધીને ૩૫૬.૭૯ લાખ કરોડ રૂપિયાની નજીક આવી ગયું છે.

### વિપ્રો વૉલ્યુમ સાથે નવા શિખરે, સ્ટેટ બૅન્ક અને ગ્રાસિમ નરમાઈમાં

સેન્સેક્સના ૩૦માંથી ૨૨ તો નિફ્ટીના ૫૦માંથી ૩૮ શૅર ગઈ કાલે વધ્યા છે. વિપ્રો પાંચ ગણા વૉલ્યુમે ૪૬૬ની ટોચે જઈને સાડાછ ટકાની તેજીમાં ૪૬૩ નજીક બંધ આપી બન્ને બજારમાં મોખરે હતો. એચસીએલ ટેક્નૉ. પોણાત્રણ ટકા, તાતા મોટર્સ સવાબે ટકા, મારુતિ સુઝુકી બે ટકા, ટેક મહિન્દ્ર બે ટકા નજીક, તાતા સ્ટીલ ૧.૯ ટકા, ઇન્ફોસિસ ૧.૭ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ દોઢ ટકો, લાર્સન દોઢ ટકો, એશિયન પેઇન્ટ્સ તથા ટાઇટન સવા ટકા આસપાસ, ભારતી ૧.૧ ટકો, નેસ્લે એક ટકો હિન્દાલ્કો અઢી ટકા, હીરો મોટોકૉર્પ સવાબે ટકા, કોલ ઇન્ડિયા ૨.૨ ટકા, બજાજ ઑટો બે ટકા, બ્રિટાનિયા બે ટકા, લાટિમ ૧.૯ ટકા, ડિવીઝ લૅબ પોણાબે ટકા, તાતા કન્ઝ્યુમર ૧.૪ ટકા, ડૉ. રેડ્ડીઝ લૅબ ૧.૩ ટકા, આઇશર અને અપોલો હૉસ્પિટલ્સ નામપૂરતો સુધરી ૨૫૬૫ નજીક ગયો છે. સ્ટેટ બૅન્ક ૧.૧ ટકા ઘટી ૬૩૬ના બંધમાં સેન્સેક્સ ખાતે તો ગ્રાસિમ ૧.૯ ટકા બગડી ૨૦૪૬ના બંધમાં નિફ્ટીમાં વર્સ્ટ પર્ફોર્મર બન્યો છે. બજાજ ફાઇનૅન્સ તથા આઇસીઆઇસીઆઇ બૅન્ક એક એક ટકો, એચડીએફસી બૅન્ક એક ટકા નજીક, ઍક્સિસ બૅન્ક પોણા ટકા નજીક, ઇન્ડસઇન્ડ બૅન્ક અડધો ટકો, એચડીએફસી લાઇફ અને એસબીઆઇ લાઇફ ૦.૭ ટકા, ભારત પેટ્રો અડધા ટકાથી વધુ નરમ રહ્યા છે. અદાણી પોર્ટ્સ પોણો ટકો, અદાણી ગ્રીન એક ટકા નજીક, અદાણી ટોટલ દોઢ ટકો, અદાણી વિલ્મર ચારેક ટકા, સાંઘી ઇન્ડ. અડધો ટકો, એનડીટીવી એક ટકા નજીક વધીને બંધ હતા. એસીસી પોણો ટકો ઘટ્યો છે. ગ્રુપના અન્ય શૅર નહીંવત્ વધઘટે બંધ હતા. મોનાર્ક નેટવર્થ સવા ટકો અને ક્વિન્ટ ડિજિટલ સવાબે ટકા અપ હતા.

એ-ગ્રુપ ખાતે એસ્ટ્રાઝેનેકા ૬૪૮ રૂપિયા કે ૧૩.૭ ટકા, જેબી કેમિકલ્સ સવાનવ ટકા કે ૧૩૮ રૂપિયા તથા કૅપ્લિન પૉઇન્ટ ૧૧૫ રૂપિયા કે ૮.૯ની તેજી સાથે નવા શિખરે બંધ રહી ટૉપ ગેઇનર બન્યા છે. કેસ્ટ્રોલ ઇન્ડિયા ૧૬૭ના બેસ્ટ લેવલે જઈને સવાસાત ટકા ઊંચકાઈ ૧૬૨ વટાવી ગયો છે. વરુણ બેવરેજિસ સવા ચાર ટકાના ઘટાડે ૧૨૩૭ થયો છે.

### હેલ્થકૅર ફાર્મા ઇન્ડેક્સ વિક્રમી સપાટીએ, એસ્ટ્રાઝેનેકા તેજીમાં

હેલ્થકૅર ઇન્ડેક્સ ૯૪માંથી ૭૦ શૅરના જોરમાં ૩૦,૮૪૮ની વિક્રમી સપાટી બનાવી સવા ટકો વધી ૩૦,૭૪૮ થયો છે. નિફ્ટી ફાર્મા પણ ૧૬,૫૦૦ના બેસ્ટ લેવલે જઈ એક ટકો વધી ૧૬,૩૯૪ રહ્યો છે. મલ્ટિનૅશનલ એસ્ટ્રાઝેનેકા બાર ગણા વૉલ્યુમે ૫૫૦૦ની નવી ટોચે જઈને ૧૩.૭ ટકા કે ૬૪૮ની તેજીમાં ૫૩૮૦ બંધ આપી અત્રે મોખરે હતો. જેબી કેમિકલ્સ ૧૬૩૧ની નવી ઊંચી સપાટી નોંધાવી ૯.૩ ટકા કે ૧૩૮ના ઉછાળે ૧૬૨૫ થયો છે. કામકાજ ૯ ગણાં હતાં. સુપ્રિયા લાઇફ આઠ ટકા, પિરામલ ફાર્મા નવ ટકા, કૅપ્લિન પૉઇન્ટ ૮.૯ ટકા, સ્ટ્રાઇડ ફાર્મા ૫.૬ ટકા, સુવેન ફાર્મા ૬.૮ ટકા, અમી ઑર્ગેનિક્સ ૪.૭ ટકા મજબૂત હતા. લૌરસ લૅબ ૪.૬ ટકા ઊંચકાઈ ૪૧૫ થયો છે. સનફાર્મા, ડૉ. રેડ્ડીઝ લૅબ, ડિવીઝ લૅબ, સિપ્લા, અપોલો હૉસ્પિટલ્સ, ગ્લેન્ડ ફાર્મા, મેદાન્તા, જ્યુબિલન્ટ ફાર્મોવા, અજન્ટા ફાર્મા, થાયરોકૅર, ઇત્યાદિ જેવા ચલણી શૅર પણ ડિમાન્ડમાં હતા. અરબિંદો ફાર્મા, પેનેસિયા બાયો, ટાર્સન્સ પ્રોડક્ટ્સ, આરતી ડ્રગ્સ, આરપીજી લાઇફ અઢી ટકા સુધી ઘટ્યા છે. ઑટો ઇન્ડેક્સ ૧૬માંથી ૧૩ શૅરના સથવારે ૧.૪ ટકા કે ૫૪૮ પૉઇન્ટ વધ્યો છે. તાતા મોટર્સ ૨.૨ ટકા, હીરો મોટોકૉર્પ ૨.૨ ટકા, બજાજ ઑટો ૧.૯ ટકા, મારુતિ સુઝુકી બે ટકા કે ૨૦૧ રૂપિયા, એમઆરએફ ૧.૭ ટકા કે ૧૯૮૯ રૂપિયા, ટીવીએસ મોટર્સ સવા ટકા, અશોક લેલૅન્ડ દોઢ ટકા, આઇશર એક ટકા પ્લસ થયા છે. અપોલો ટાયર્સ ૦.૭ ટકા ઘટી ૪૨૭ હતો. સ્કૂટર્સ ઇન્ડિયા ૫ ટકાની તેજીમાં ૬૫ નજીક પહોંચી છે. ઑટો કૉમ્પોનન્ટ્સ સેગમેન્ટમાં ૮૬ શૅર પ્લસ તો ૩૦ જાતો નરમ હતી. મશીનો પ્લાસ્ટ ૨૭૧ની ટોચે જઈને પોણા૧૪ ટકાના ઉછાળે ૨૫૭ બંધ થઈ છે. રાણે એન્જિન ૧૦ ટકા, સર્દા મોટર્સ સવાઆઠ ટકા, બાન્કો ઇન્ડિયા ૬.૭ ટકા, રાણે મદ્રાસ ૮.૮ ટકા, યુનિવર્સલ ઑટો ૫.૭ ટકા, સિમોન્ડ માર્શલ પાંચ ટકા ઊંચકાયા છે. એમફોર્જ પાંચ ટકા ગગડ્યો છે. ટીવીએસ હોલ્ડિંગ સવાચાર ટકા ખરડાઈ ૭૫૩૧ રહ્યો છે.

### જેફરીઝના બુલિશ વ્યુ પછી સિમેન્ટ્સ પ્રૉફિટ બુકિંગમાં, ભારત ઇલે. સુધર્યો

પૉલિકૅબ ઇન્ડિયાના ટૉપ મૅનેજમેન્ટની ઑફિસ અને રહેઠાણ સહિત ૫૦ જગ્યાએ આવકવેરાના દરોડા પડતાં શૅર ૫૬૩૮ની ઇન્ટ્રા-ડે હાઇથી નીચામાં ૫૩૦૪ થઈ આઠ ગણા વૉલ્યુમે ૪.૫ ટકા કે ૨૫૫ રૂપિયા ખરડાઈ ૫૩૬૫ બંધ થયો છે. ભારત ઇલેક્ટ્રૉનિક્સને ગોવા શિપયાર્ડ તથા ગાર્ડનરિચ શિપબિલ્ડર્સ તરફથી કુલ ૨૬૭૩ કરોડ રૂપિયાના ઑર્ડર મળ્યા છે. આ સાથે કંપનીની ઑર્ડર બુક વધી આ વર્ષમાં ૨૫,૯૩૫ કરોડને વટાવી ગઈ છે. શૅર ઉપરમાં ૧૭૫ થઈ ૨.૩ ટકા વધી ૧૭૪ હતો. જેફરીઝ દ્વારા સિમેન્સમાં ૪૫૨૦ની ટાર્ગેટ પ્રાઇસ વધારી ૫૦૦૦ રૂપિયા કરવા સાથે બુલિશ વ્યુ જારી થયો છે. શૅર ઉપરમાં ૪૧૨૦ થયા બાદ પ્રૉફિટ બુકિંગમાં નીચામાં ૩૯૩૩ બતાવી નજીવો ઘટી ૩૯૬૧ રહ્યો છે. ગોદાવરી પાવરના છત્તીસગઢ ખાતેના એકમને ક્ષમતા વિસ્તરણ માટે લીલી ઝંડી મળી છે. શૅર દોઢા કામકાજે ૭૧૮ની ઇન્ટ્રા-ડે હાઈ બાદ ૩ ટકા વધી ૭૦૮ હતો. આઇઆઇએફએલ ફાઇનૅન્સ નરમાઈની હૅટ-ટ્રિકમાં જંગી વૉલ્યુમે ૫૫૧ની પાંચ માસની બૉટમ બનાવી ૪ ટકા ઘટી ૫૭૧ થયો છે. ડિલિવરી પ્લૅટફૉર્મ શિપરોકેટને હસ્તગત કરવા બે અબજ ડૉલરની ઑફર કરાઈ હોવાના અહેવાલને ઝોમૅટો તરફથી તથ્યવિહોણા ગણાવાયા છે એના પગલે શૅર ૧૩૧ની ઇન્ટ્રા-ડે હાઇથી નીચામાં ૧૨૫ થઈ પોણો ટકો વધી ૧૨૮ બંધ રહ્યો છે. ઑલકાર્ગો લૉજિસ્ટિક્સ તરફથી બિઝનેસ રીસ્ટ્રક્ચર કરવાની યોજનાના ભાગરૂપ ઇન્ટરનૅશનલ સપ્લાય ચેઇન ડિવિઝનને ડીમર્જ કરી અલગ કંપનીમાં ફેરવવાનું વિચારાયું છે. ઑલકાર્ગો લૉજિસ્ટિક્સનો શૅર નવગણા વૉલ્યુમે ઉપરમાં ૩૧૪ થઈ ૭.૭ ટકા ઊંચકાઈ ૩૦૭ હતો, જ્યારે ઑલકાર્ગો ગતિ લિ. ૧૮ ગણા વૉલ્યુમે ૧૪૯ નજીકની ઇન્ટ્રા-ડે હાઈથી નીચામાં ૧૧૭ થઈ ૧૨.૪ ટકા લથડી ૧૨૧ થયો છે. ઑલકાર્ગો ટર્મિનલ્સ બે ટકા વધીને બાવન હતો.

### બામર લૉરી ટ્વિન્સ તગડા ઉછાળે નવી ટોચે, હોલ્ડિંગ કંપની ઝમકમાં જોવાઈ

બૅન્કિંગમાં વલણ ઢીલું હતું. બૅન્ક નિફ્ટી ૧૨માંથી બે શૅરના સુધારા વચ્ચે ૩૪૮ પૉઇન્ટ કે પોણો ટકા ઘટ્યો છે. પીએસયુ બૅન્ક નિફ્ટી ૧૨માંથી ૯ શૅરની નરમાઈમાં ૦.૯ ટકા ડાઉન હતો. બૅન્કિંગ ક્ષેત્રના ૩૯માંથી ૧૨ શૅર પ્લસ હતા. જેકે બૅન્ક ૩.૬ ટકા, કરૂર વૈશ્ય બૅન્ક ૨.૧ ટકા, કર્ણાટકા બૅન્ક ૨.૨ ટકા, ઉત્કર્ષ બૅન્ક અઢી ટકા, બૅન્ક ઑફ ઇન્ડિયા ૨.૨ ટકા મજબૂત હતા. સ્ટેટ બૅન્ક ૧.૧ ટકો ઘટી ૬૩૬ રહી છે. એચડીએફસી બૅન્ક એકાદ ટકો ઘટી ૧૬૭૦ તો આઇસીઆઇસીઆઇ બૅન્ક એક ટકો ઘટી ૯૯૩ હતી. સિટી યુનિયન બૅન્ક, આરબીએલ બૅન્ક, ડીસીબી બૅન્ક, સૂર્યોદય બૅન્ક, સેન્ટ્રલ બૅન્ક, આઇઓબી, કૅનરા બૅન્ક, એક-દોઢ ટકા નરમ હતી. ફાઇનૅન્સ ઇન્ડેક્સ ૧૪૧માંથી ૭૫ના સુધારા વચ્ચે અડધો ટકો ઘટ્યો છે. એલઆઇસીને પચીસ ટકાના પબ્લિક હોલ્ડિંગની ન્યુનતમ જરૂરિયાતમાંથી વન ટાઇમ મુક્તિ આપવામાં આવી છે. આના કારણે નજીકના ભવિષ્યમાં કોઈ ડાઇવેસ્ટમેન્ટ કે ફૉલો ઑન ઑફર નહીં આવે. આની અસરમાં શૅર ત્રણગણા કામકાજે ૮૨૦ ઉપર ૧૯ માસની ટૉપ બનાવી ૩.૭ ટકા ઊંચકાઈ ૭૯૩ બંધ રહ્યો છે. એનું માર્કેટ કૅપ ૫.૦૧ લાખ કરોડને વટાવી ગયું છે. સરકારનું ૯૯.૭ ટકા હોલ્ડિંગ ધરાવતી બામર લૉરી ઇન્વેસ્ટમેન્ટ ૧૦ ગણા વૉલ્યુમે ૫૪૧ની નવી ટૉપ બનાવી ૧૨.૮ ટકાની તેજીમાં ૫૨૯ થઈ છે, જ્યારે બામર લૉરી કંપની પાંચગણા વૉલ્યુમે ૨૦ ટકાની ઉપલી સર્કિટે ૨૨૫ના શિખરે જઈ ત્યાં જ બંધ હતી. બીએફ ઇન્વેસ્ટમેન્ટ ૫૭૫ની ઇન્ટ્રા-ડે હાઈ બાદ ૧૧.૫ ટકાના ઉછાળે ૫૭૨ હતો. રાણે હોલ્ડિંગ્સ ૯.૮ ટકા કે ૧૧૫ રૂપિયા, કલ્યાણી ઇન્વેસ્ટમેન્ટ્સ ૯.૪ ટકા કે ૨૯૬ રૂપિયા અને માલવા સન્સ ઇન્વેસ્ટમેન્ટ ૮.૭ ટકા કે ૨૬૩ રૂપિયાની તેજીમાં બંધ થયા છે. પિરામલ એન્ટર ૩.૭ ટકા પ્લસ હતો સામે સાટિન ક્રેડિટ ૪.૮ ટકા, એડલવીસ ૩.૪ ટકા, આઇઆઇએફએલ ચાર ટકા, અરમાન ફાઇ. ૨.૪ ટકા ડાઉન હતા. એમસીએક્સ બે ટકા ઘટી ૩૧૬૩ રહ્યો છે. બીએસઈ લિમિટેડ અડધો ટકો ઘટીને ૨૩૨૦ હતો.